## ડુમ્મસ ગવીયરગામની સીમમાં તાપી નદીના કિનારે ગેરકાયદેસર ડીઝલનો જથ્થો કુલ્લે ૨૨૦૦ લીટર કી.રૂ. ૧,૭૩,૮૦૦/- તથા હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ દરીયાઇ બોટ કી.રૂ. ૨,૦૦,૦૦૦ મળી કુલ્લે કિ.રૂ.૩,૭૩,૮૦૦/- ની મત્તા સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડતી "સુરત શહેર પી.સી.બી. શાખા"

સુરત શહેરમાં પી.સી.બી. ના અ.હે.કો. જીતેન્દ્રભાઇ તથા અ.પો.કો. ભુપેન્દ્રસીંહ જશવંતસીંહ નાઓને મળેલ સચોટ બાતમી હકીકત આધારે ડુમ્મસ ગવીયરગામની સીમમાં આવેલ અલ્ટ્રાટેક કંપનીની બાજુમાં તાપી નદીના કિનારા પાસેથી ત્રણ ઇસમો (૧) તેજશ ઉર્ફે તેજો S/O લાલજીભાઇ પટેલ, ઉ.વ.૩૮. ગવીયરગામ નવીઓળ ફળીયુ, ડુમ્મસ, સુરત શહેર તથા (૨) ગજેન્દ્ર ઉર્ફે કરીયા ઉર્ફે કાલીયા S/O રામસ્નેહી યાદવ ઉ.વ.૨૧ રહે.ગવીયર ગામની સીમમાં, તાપી નદીના કિનારે ઝુપડામાં ડુમ્મસ, સુરત શહેર. મુળવતન : બરકા બૌજુતોલ ગામ, થાણા: રીબીગંજ જી.છાપરા, બિહાર તથા (૩) જીતેન્દ્ર S/O ભગવાન રાય ઉ.વ. ૩૦ રહે. એજન. મૂળ વતન એજન નાઓને કુલ-૧૧ પ્લાસ્ટીકના ૨૦૦-૨૦૦ લીટરના બેરલમાં ડીઝલ ઇંધણ કુલ ૨૨૦૦ લીટર જેની કુલ કિ.રૂ. ૧,૭૩/૮૦૦/- તથા એક દરીયાઇ બોટ ની કિ.રૂ. ૨,૦૦,૦૦૦ /- મળી કુલ્લે કી.રૂ. ૩,૭૩,૮૦૦/- ને મત્તાના મુદામાલ સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડી, મુદ્દામાલ વિગરે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનિય કામગીરી કરેલ છે.